દિવ્યાંગ રાજ્ય ફંડ (State Fund For PwD)ની રૂ.૨૦૦.૦૦/-લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૧૨૦૨૧/૫૮૬૮૮/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૧૨૦૨૦/૬૬૪૭૨/છ-૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૧/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સસુખા/અપગ/૨૦૨૦-૨૧/૧૬.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૩૧/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સસુખા/ યજન/નવી બાબત/૨૦૨૦-૨૧/૨૩૬.

આમુખ:-

ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એક્ટ-૨૦૧૬ની કલમ-૮૮ની જોગવાઇ મુજબ અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાત દિવ્યાંગ રાજ્ય ફંડની રચના કરેલ છે. વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશનથી અમલી કરેલ ધી ગુજરાત રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી રૂલ્સ-૨૦૧૯ના પ્રકરણ ૧૧માં "અશક્ત વ્યક્તિઓ માટે ગુજરાત દિવ્યાંગ રાજ્ય ફંડ"માં આ ફંડના સંચાલન અને ઉપયોગ અંગેના નિયમો બનાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના ઠરાવથી દિવ્યાંગ રાજ્ય ફંડમાં વર્ષ ૨૦૨૦-૨૧માં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૨૨૯.૧૫/-લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (3)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની દરખાસ્તથી વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબત રૂ.૨૦૦.૦૦/-લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ધી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજ્ય ફંડ (State Fund for PwD)ની રૂ.૨૦૦.૦૦/-લાખ(અંકે રૂપિયા બે કરોડ પુરા)ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:

૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮) આઇ.ટી. સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૧થી કરવાનો રહેશે.

૧૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઈલ.